THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-7 February–2022 No. 57

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| 1. | ફેબ્રુઆરી – ૧૭ : મહત્ત્વ અને મિમાંસા | શ્રી હર્ષવદન શેઠ | 3 |
| 2. | ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ | શ્રી ધવલ શેઠ | 5 |
| 3. | ઇન્ડિયન સેક્શન દ્વારા બંધારણીય ફેરફાર | શ્રી નરેશ એ. ત્રિવેદી | 7 |
| 4. | સૌન્દર્ય અને થિયોસોફી (દૈવી પ્રજ્ઞા) | ડો. થોમસ પરમાર | 8 |
| 5. | જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ | શ્રી હર્ષદ દવે | 11 |
| 6. | અમદાવાદ લોજ – એક વિશિષ્ટ અહેવાલ | શ્રી પ્રફુલ્લભાઈ શાહ | 13 |
| 7. | હરજીવન આશ્રમ, કડોલી – એક વિશિષ્ટ અહેવાલ | શ્રી દીપક પંડ્યા | 14 |
| 8. | સાગર પંખી | શ્રીમતિ પરવીન પટેલ | 15 |
| 9. | અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ | | 18 |
| 10. | શાખા સમાચાર | | 19 |
| 11. | આપણો પુસ્તક પ્રેમ | | 20 |


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

બુક સ્ટોલ મેનેજર

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭
"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

| | |
|---|---|
| **નવા સભ્ય પ્રવેશ ફી** | **રૂ.૧૦૦/-** |
| **સભ્ય ફી** | **રૂ.૧૫૦/-** |
| **૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી** | **રૂ.૭૫/-** |
| **લાઈફ મેમ્બર ફી** | **રૂ.૩૦૦૦/-** |
| **ઈન્ડિયન થિયોસોફીસ્ટ** | **રૂ.૩૦/-** |
| **થિયોસોફિક જ્યોતિ** | **રૂ.૧૦/-** |

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
**મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪**
E-mail-gtfsecretory@gmail.com

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# ફેબ્રુઆરી – ૧૭ : મહત્ત્વ અને મિમાંસા

સંપાદકીય

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ


કર્નલ ઓલ્કોટ

ચાલો આપણે ૧૭મી ફેબ્રુઆરીએ કર્નલ ઓલ્કોટને યાદ કરીને, જીવનમુક્ત મહાત્માઓમાં શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવીને એક વિશેષ વ્યક્તિ એટલે કે થિયોસોફિસ્ટ બનવાનો પ્રયત્ન આદરીએ. ૧૭મી ફેબ્રુઆરીને મૂળ રૂપે "ઓલ્કોટ ડે" તરીકે ઓળખવામાં આવતો હતો. કારણ કે ૧૯૦૭માં કર્નલ ઓલ્કોટનું અવસાન ૧૭મી ફેબ્રુઆરીએ થયેલું. જ્યાં સદગતનાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં હતાં ત્યાં સભ્યો એકઠા થયા હતા, અને તેમના માનમાં બનેલા સ્મારકને ફૂલો અર્પણ કર્યા હતા.


હેડક્વાર્ટર હોલમાં સ્થપાયેલ મૂર્તિઓ

૧૯૧૬ સુધીમાં પરંપરા બદલાઈ ગઈ અને મેડમ બ્લેવેટ્સ્કી અને કર્નલ ઓલ્કોટની પ્રતિમાની આસપાસ કેન્દ્રિત થઈ ગઈ. જે હવે અડ્યાર ખાતેના હેડક્વાર્ટર હોલમાં છે. માર્ચ ૧૯૧૬ની 'વોચ ટાવર' નોંધોમાં ડૉ. એની બેસન્ટ લખે છે :

"'ઓલ્કોટ ડે' ૧૭ ફેબ્રુઆરીના રોજ હંમેશની જેમ હેડક્વાર્ટર હોલમાં રાખવામાં આવ્યો હતો. અમે હંમેશની જેમ હેડક્વાર્ટર હોલમાં સવારે ૭.૧૦ વાગે ભેગા થયાં. બંને નેતાઓની મૂર્તિઓ સ્થાપિત થયેલ 'એલ્કોવ'ની સામે એક મોટાં અર્ધવર્તુળમાં ઊભા રહ્યાં."

આમ કર્નલ ઓલ્કોટને શ્રદ્ધાસુમન અર્પણ કરાતાં રહ્યાં. ઓલ્કોટનાં નોકરથી લઈને ગ્રેટ હોલના સફાઈ કામદારો સુધી દરેક જણ શાંતિપૂર્વક ફૂલો અર્પણ કરવા અને આભાર માનવા માટે લાઈનમાં ઊભા રહીને આગળ વધતાં રહ્યાં... આ પરંપરા આજે પણ ચાલુ છે.

ત્યારબાદ ફેબ્રુઆરી ૧૯૨૬ થી 'ઓલ્કોટ ડે'ને 'અડ્યાર ડે' તરીકે પ્રથમ સત્તાવાર રીતે ઉજવવામાં આવ્યો. તે દિવસે અડ્યાર એસ્ટેટ વિશેની એક સુંદર પત્રિકા એસ્ટેટના વિવિધ ફોટાઓ સાથેની પ્રકાશિત કરવામાં આવી હતી.

કુદરતનાં પવિત્ર વાતાવરણમાં ટી.એસ.ના મુખ્યાલયમાં પ્રવેશવું એ એક વિશેષ બાબત છે. એક આધ્યાત્મિક આશ્રમમાં આપ પ્રવેશો છો. ૧૮૮૨માં તેના સ્થાપકો અહીં આવ્યા ત્યારથી કેમ્પસનો નોંધપાત્ર અર્થ અને પ્રભાવ છે. આજે પણ નીચેની બાબતો ધ્યાનમાં લેવાય છે.

(૧) વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને તેમના કુદરતી અસ્તિત્વમાં રહેવા દઈને તેમનો આદર કરો, તેમનું અવલોકન કરો. ફૂલો તોડવા નહિ, ઝાડ પર લટકવું નહિ.

(૨) સ્થળ સ્વચ્છ રાખવામાં અમને મદદ કરો. અમારી પાસે કેમ્પસની ચારે બાજુ ડસ્ટબીન છે.


(૩) ઊતાવળ કર્યા વિના, શાંતિથી રસ્તાઓ પર ચાલતી વખતે તમારામાં અને તમારી આસપાસનાં મૌનને સાંભળો.

---

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**


(૪) તમારી આંખો અને કાન વડે કુદરતને અનુભવો. વાણિજ્યિક અથવા સામાજિક (લગ્ન, મેળાવડાઓ વગેરે) ફોટા પાડવાની મંજૂરી નથી.

તો, ચાલો ૧૭મી ફેબ્રુઆરીનાં 'અડ્યાર ડે' પ્રસંગે 'ઈશ્વરના ઘર'નાં મહત્ત્વને સમજીએ અને તેના સંવર્ધન, વિકાસ, રૂપાંતરણ, શિક્ષણ કે નવીનીકરણ અર્થે ઉદાર દિલે યથાશક્તિ ફાળો પણ આપીએ. દરેક લોજ પ્રમુખ કે મંત્રી આ નેક કાર્યમાં જોડાઈને તે ફાળો અડ્યાર હેડક્વાર્ટરનાં ખજાનચીને મોકલાવી શકે છે.



ચાર્લ્સ વેબસ્ટર લેડબીટર

૧૭ ફેબ્રુઆરી, ૧૮૫૪ના રોજ ચાર્લ્સ વેબસ્ટર લેડબીટરનો જન્મ થયેલો (૧૬ ફેબ્રુઆરીનો ઉલ્લેખ પણ થાય છે) તેથી આપણે ફેબ્રુઆરીમાં તેમને ખાસ રીતે યાદ કરીને ગૂઢ જગતનાં તત્વોની સમજણ કેળવવા પ્રયત્નશીલ રહીએ છીએ. આધ્યાત્મિકતામાં તેમની રુચિને કારણે થિયોસોફિકલ સોસાયટીમાં જોડાયાં. 'એન્ગલીક'વાદ સાથેનું જોડાણ તોડી નાખ્યું. ડૉ. એની બેસન્ટનાં સહયોગી બન્યાં. તેઓ સોસાયટીનાં



જીદ્દુ કૃષ્ણમૂર્તિ

ઉચ્ચ કક્ષાના અધિકારી બન્યાં. ૧૯૩૪, ૧લી માર્ચે તેમના મૃત્યુ સુધી તેના અગ્રણી સભ્યોમાંનાં એક રહ્યાં. ૬૦થી વધુ પુસ્તકો અને પેમ્ફલેટ્સ લખ્યાં. નિયમિત બોલવાની વ્યસ્તતા જાળવી રાખેલી. તેમની 'ક્લેરવાયન્ટ' શક્તિના પ્રભાવને લીધે જ આપણને દુનિયાનાં મહાનતમ દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિ પ્રાપ્ત થયાં. તો ફેબ્રુઆરીમાં તેમને પણ યાદ કરી લઈએ.

૧૮૯૫ માં જન્મેલાં જીદ્દૂ કૃષ્ણમૂર્તિનું મૃત્યુ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૮૬ નાં રોજ ઓહાઈ, કેલીફોર્નિયા ખાતે થયેલું. પોતે 'વિશ્વગુરુ'ની ઉપાધિ ક્યારેય સ્વીકારી નહીં. અનોખા દાર્શનિક, ચિંતક, નૈસર્ગિક વક્તા અને વાચકપ્રિય લેખક તરીકે આજે પણ જે. કૃ.ને ખૂબ જ આદરભાવથી વૈશ્વિક ચાહકવર્ગ તેમને યાદ કરે છે. ધન્યતા અનુભવે છે. પ્રેરણા પામે છે. ચાલો આપણે પણ ફેબ્રુઆરી માસમાં આ અનોખી વિભુતિને યાદ કરીને 'વર્તમાન જીવન'ની પળોજણમાં વિસામો પ્રાપ્ત કરી લઈએ. જય હો અડ્યાર ડે !

● ● ●

(ધી હિડન સાઈડ..... પાના-૦૬ ઉપરથી ચાલુ)

તેણે પોતાની યોજનામાં આ સ્ત્રીને ખૂબ જ મોટો ભાગ આપ્યો અને તેને એવાં અનુભવો કરાવ્યાં કે જેમનો અનુભવ આ સ્ત્રી ઘણાં જન્મો સુધી કરી શકી નહોતી.

જે કોઈ પણ ઘટનાઓ બની તેમાંનો મોટો ભાગ આ મૃત વ્યક્તિએ વિચાર્યો પણ નહોતો. છેવટે તેણે આ સ્ત્રીને છોડી દીધી. તેની પાછળનાં કારણ હતા (૧) ઘટતી ઘટનાઓ તેમજ (૨) તેને આવી ગયેલો ખ્યાલ કે હવે એ સ્ત્રી તેના માટે વધુ ઉપયોગી થઈ શકે તેમ નહોતી. જો આ સ્ત્રીને ધ્યાનમાં લઈએ તો આખા સાહસનું પરિણામ ખૂબ જ સારું હતું, પરંતુ તે સારા ભવિષ્યનાં એક ટૂકડાં જેટલું જ હતું કે જેના માટે તે ખૂબ જ આભારી ન થઈ શકે કેમ કે તેમાં રહેલાં જોખમો અત્યંત હતાં. આવા અનુભવોમાં તે પોતાનો જીવ પણ ગુમાવી શકે તેમ હતી. (ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

## ન દેખાતાં લોકોની આપણા પર અસર

### સંવેદનશીલ લોકો

“આ સમય દરમિયાન મને નવાં દૃશ્યોની હારમાળા દેખાઈ. તે બધાં વિજયનાં દૃશ્યો હતાં. તેમાં કોઈ રૂપો હોય તેવું મને યાદ નથી પરંતુ તે બધી કીર્તિઓ રંગો તરીકે પ્રદર્શિત થતી હતી. એક પછી એક વધુ તેજસ્વી અને ભવ્ય રંગો આવતાં જતાં હતાં. છેલ્લે ભવ્ય જાંબુડિયો રંગ આવ્યો. જેવો તે મારા પર આવ્યો, મને જણાવવામાં આવ્યું કે હું આગળ જઈ શકું છું અને ઈશ્વરને જોઈ શકું છું. મેં પૂછ્યું કે શું હું ત્યાંથી પાછી વળી શકું છું અને મને જણાવવામાં આવ્યું કે જો હું આગળ વધીશ તો પાછી નહીં આવી શકું. પછી મેં ફરીથી એકવાર એ કહ્યું કે જે હું પહેલાં પણ ઘણી બધીવાર કહી ચૂકી હતી. “માટે દુનિયાને બચાવવા માટે જ જીવવું પડશે.” અને જેવું મેં તે કહ્યું અને આગળ વધવાનો ઈન્કાર કર્યો કે તરત જ દુનિયામાં સૂર્યોદય થયો. હું ત્યારે સભાન હતી અને મેં મારું સુંદર દૃશ્ય જોયું. તે દૃશ્યની સામે સૂરજ ખૂબ જ ઝાંખો લાગતો હતો અને ધીમે ધીમે તે દૃશ્ય પણ ઝાંખું થવા લાગ્યું.”

“મને ખબર નથી કયા સમયે પરંતુ હું રાત્રી દરમિયાન કબરની અંદર ક્રોસ ઉપર સૂતેલી હતી. હું જાણે કે મૃત્યુ પામી હતી. મારા હૃદયમાં દર્દ ઉઠેલું હતું, પરંતુ મારા આત્માની ખૂશી હૃદય અને શરીરને થતાં દર્દ કરતાં ઘણી વધારે હતી.

“આના પછી મારે વર્ણન કરવાનો કોઈ પણ પ્રયત્ન કરવો જોઈએ નહીં. તે વિચિત્ર વસ્તુઓ વર્ણવી શકાય તેમ નથી, તેમજ હું તેમને વિસ્મૃતિ પામેલી છું. એક વિચાર એવો હતો કે મારે જે કાર્ય કરવાનું હતુંતેનાં માટે મને તૈયાર કરવામાં આવી રહી હતી. જ્યારે બીજો વિચાર એવો હતો કે તે ક્રાંતિ અને ઉત્ક્રાંતિની જ પ્રક્રિયાનો એક ભાગ હતો. કદાચ તે જન્મ લેવા માટે તૈયાર થતાં આત્માનાં અનુભવોને દર્શાવતું હતું.”

“જ્યારે હું આ બધામાંથી બહાર આવી ત્યારે મારો દુઃખી પરિવાર મારી પથારીની બાજુમાં હતો. તેઓને એવું લાગ્યું કે હું મૃત્યુ પામી રહી હતી. હું બાર દિવસોથી આ પરિસ્થિતિમાં હતી અને પાંચ દિવસો અને રાતોથી હું સૂતી નહોતી. છેલ્લાં દિવસે તો મને એવું જ લાગતું હતું કે જાણે હું આ દુનિયામાં જીવી જ નહીં શકું અને જ્યારે હું સંપૂર્ણ જાગૃત અને સામાન્ય ચેતનાની પરિસ્થિતિમાં આવી ત્યારબાદ મને સંભળાતો અવાજ અને મને દેખાતાં દૃશ્યો ભેદી રીતે ધીમે ધીમે વિલુપ્ત થતાં ગયાં અને ત્યારબાદ તેઓ ક્યારેય મને સંભળાયાં કે દેખાયાં નથી.”

“પરંતુ ત્યારબાદ હું એક નવા જ આધ્યાત્મિક જીવનની અનુભૂતિ કરી રહી છું. ધ્યાનમાં હું એક આનંદાત્મક પરિસ્થિતિમાં પહોંચી જાઉં છું અને મને એવી ખાતરી થાય છે કે કોઈક અદ્‌ભુત વસ્તુ મારી સાથે બની છે.”

સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર

**દેખાયેલાં દશ્યોનું વિશ્લેષણ**

ઉપર દર્શાવેલો પ્રસંગ એ તે સ્ત્રીએ મને વર્ણવેલાં દશ્યોનો એક નાનો અંશ હતો, પરંતુ મને લાગે છે કે મેં કોઈ નોંધપાત્ર અંશને છોડી દીધો નથી.

માનસિક ઘટનાઓનું વિશ્લેષણ કરતી કોઈ પણ વ્યક્તિ સમજી શકે કે ઉપરનાં પ્રસંગોમાં અમુક લક્ષણો સામાન્ય કરતાં સાવ જુદાં જ છે. ઘણાં દશ્યો ખૂબ જ વિસ્તૃત, ઉંડાણભર્યા તેમજ જોનારને વાસ્તવિક લાગી શકે એવાં હોવાં છતાંય તેમનું વિશ્લેષણ કરતાં જાણવાં મળ્યું કે તે તો જાતે જ ઉપજાવી કાઢેલાં હતાં. હું અહીં એ કહેવા માંગુ છું કે વ્યક્તિ સૌથી પહેલાં તો જે-તે વિષય ઉપર ચોક્કસ દિશામાં વિચારો કરે છે. આનાથી વિચારરૂપોની એક હારમાળા ઉત્પન્ન થાય છે. ત્યારબાદ તે ઉંઘમાં અથવા તો સમાધિની સ્થિતિમાં પોતાનું શરીર છોડીને બહાર નીકળે છે. અહીં તેને પોતાના જ વિચારરૂપો દેખાય છે કે જેને તે હકીકત સમજી બેસે છે. આથી તેની માન્યતા કે અંધશ્રદ્ધા વધુ દઢ બની જાય છે. કેમકે તેણે પોતાનાં જ વિચારરૂપોને એક દશ્ય તરીકે જોયાં હોવાથી તે તેને દૈવી માની બેસે છે. આવી વ્યક્તિ પોતાના વર્ણનમાં ખૂબ જ સચોટ હોય છે અને તે એ રીતે સાચી પણ હોય છે કે તેણે અમુક વસ્તુઓ જોઈ છે. અહીં નબળી કળી એ છે કે તેને એવી કોઈ જ તાલિમ મળી નથી હોતી કે જેથી તે પોતાને દેખાયેલાં દશ્યો પાછળનું કારણ શોધી શકે. આપણે જે દશ્યોનું વિશ્લેષણ કરી રહ્યા છે એમાં અમુક બાબતો એવી છે કે જે દષ્ટાનાં પોતાનાં વિચારો નથી. એવાં ઘણાં પુરાવા છે કે જે એવું સાબિત કરે છે કે દષ્ટાનાં દિમાગથી અલગ દિમાગ કે મન દ્વારા આ દેખાયેલાં દશ્યો પેદાં થયેલાં હતાં.

દષ્ટા સ્ત્રી ખરેખર પોતાનાં દશ્યો પાછળનું કારણ કે તેનું ઉદ્ભવ સ્થાન જાણવા માંગતી હતી અને તેથી જ તેનું વિશ્લેષણ ખૂબ જ રસપ્રદ બની રહેશે.

તે સ્ત્રી સાથે વધુ વાર્તાલાપ કેળવવામાં આવ્યો તેમજ તેવું નક્કી કરવામાં આવ્યું કે તે સ્ત્રી સાથે સંકળાયેલાં એસ્ટ્રલ તેમજ માનસિક રેકોર્ડોની તપાસ કરવી. આ રીતે તેની સાથે વાસ્તવમાં શું બન્યું તેનું તારણ કાઢવું. ઘણાં બધાં અલગ અલગ પાસાઓ અહીં ભેગા થયાં હતાં અને તેમનો ગૂંચવાળો ઉકેલીને દરેક પાસાનાં મૂળ સુધી પહોંચવાનું નક્કી કરવામાં આવ્યું કે જેથી દરેક પાસુ ચોક્કસાઈપૂર્વક અલગ રીતે જોઈ શકાય. તેનું વર્ણન કંઈક આ મુજબ છે :

આ સ્ત્રી પણ બીજાં હજારો લોકોની જેમ જ શ્વાસોચ્છવાસની કસરતનાં વિવેક વગરનાં ઉપયોગથી ગંભીર તકલીફમાં આવી ગઈ હતી. આ તકલીફમાંથી બહાર નીકળવાનાં તેનાં પ્રયત્નોએ એક મૃત વ્યક્તિનું ધ્યાન આકર્ષિત કર્યું હતું કે જે તેને મદદરૂપ થઈ શકે તેમ હતી. પરંતુ તેની મદદ કરવા પાછળ તે મૃત વ્યક્તિનો પોતાનો અલગ હેતુ હતો. આ હેતુ સભાનપણે સ્વાર્થી ન હોવા છતાંય તે મૃત વ્યક્તિની પોતાની ભ્રમણાઓને લગતી હતી. જેમ જેમ તે આ સ્ત્રીને મદદ કરતો ગયો તેમ તેમ તેને જણાતું ગયું કે આ સ્ત્રી તેના હેતુને સિદ્ધ કરવા માટેનું શક્તિશાળી હથિયાર બની શકે તેમ હતી. તેણે તુરંત જ પોતાની યોજના બદલી કાઢી.

*(અનુસંધાન પાન-૦૪ ઉપર)*

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

# ઈન્ડિયન સેક્શન દ્વારા બંધારણીય ફેરફાર

પ્રસ્તુતિ
શ્રી નરેશ એ. ત્રિવેદી
ગુ. થિ. ફે. પ્રમુખ

આથી ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન સાથે જોડાયેલ દરેક લોજ અને સેન્ટરના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/કાઉન્સીલ સભ્યશ્રીઓ તથા સર્વ સભ્યોને જણાવવાનું કે હાલમાં જ હિન્દ વિભાગ (ઇન્ડિયન સેક્શન) થિયોસોફિકલ સોસાયટી, વારાણસીનાં બંધારણમાં થોડો ફેરફાર કરવામાં આવેલ છે અને આવા થયેલ ફેરફાર તા. ૧લી જાન્યુઆરી, ૨૦૨૨ થી અમલમાં આવેલ છે. જેની જાણકારી સર્વને થાય તે હેતુથી નીચે મુજબ વિગતે નોંધ લેવા સૌને વિનંતી.

(૧) થિયોસોફિકલ સોસાયટીમાં સભ્ય તરીકે જોડાવા ઈચ્છા ધરાવતી વ્યક્તિએ, તે કે તેણી જે લોજ કે સેન્ટર સાથે જોડાવા ઈચ્છતા હોય તે લોજ કે સેન્ટરનાં પ્રમુખ કે મંત્રી મારફત યોગ્ય રીતે અરજી ફોર્મ ભરીને ફેડરેશન મંત્રીને મોકલવાનું રહેશે અને ફેડરેશન મંત્રી તે અરજી ફોર્મ હિન્દ વિભાગનાં પ્રમુખશ્રીને મોકલશે.

(૨) અઢાર વર્ષની ઉંમરથી મોટા અને Good Standing એટલે કે ૩૦ સપ્ટેમ્બર પહેલા સભ્યપદ તાજુ કરાવવા બાબતનો E-mail વારાણસી ઈન્ડિયન સેક્શન, થિયોસોફિકલ સોસાયટીને મોકલાવેલ હોય અને ઈન્ડિયન સેક્શનને તે મળ્યો હોય, તેવા દરેક સભ્ય લોજ, સેન્ટર, ફેડરેશન કે ઇન્ડિયન સેક્શનને લગતી બાબતમાં મત આપવા હક્કદાર રહેશે. સાથે એ ધ્યાનમાં રાખવાનું રહે છે કે તે કે તેણી છેલ્લા ૨૪ મહિનાથી લગાતાર સોસાયટીનાં સભ્ય તરીકે જોડાયેલ રહ્યા હોવા જરૂરી છે.

(૩) ઇન્ડિયન સેક્શન, થિયોસોફિકલ સોસાયટીમાં સભ્ય તરીકે જોડાનાર કોઈપણ વ્યક્તિએ કોઈપણ દાખલ ફી ભરવાની રહેશે નહિ, તેમજ વાર્ષિક લવાજમ (ફી) તરીકે કાંઈ પણ આપવાનું રહેશે નહિ. પરંતુ નવા દાખલ થનાર વ્યક્તિએ સોસાયટીનાં નિયત કરેલ ફોર્મ વિગતવાર ભરી લોજના મંત્રીને આપવાનું રહેશે. જો અરજી ફોર્મ માન્ય રહેશે તો લોજ મંત્રી આવી અરજી ફેડરેશન મંત્રીને મોકલશે અને જો તે માન્ય રહેશે તો ફેડરેશન મંત્રી આવેલ અરજી ઈન્ડિયન સેક્શન, થિયોસોફિકલ સોસાયટીનાં પ્રમુખને મોકલશે.

(૪) જે સભ્યે ૩૦મી સપ્ટેમ્બર પહેલાં તેમનું સભ્યપદ ઇન્ડિયન સેક્શનને E-mail કરીને તાજુ કરાવેલ નહિ હોય તેમનું સભ્યપદ તે તારીખથી જ રદ કરવામાં આવશે અને તેમનું નામ સભ્યપદનાં લીસ્ટમાંથી રદ કરવામાં આવશે.

(૫) દરેક સભ્યએ તેઓ જે લોજ કે સેન્ટરનાં સભ્ય તરીકે જોડાયેલ હોય, તે લોજ કે સેન્ટરની વાર્ષિક ફી જો કાંઈ હોય અને વખતોવખત જે નક્કી કરવામાં આવે તે ફી નિયમિત રીતે અચૂક આપવાની રહેશે.

આવા ફેરફાર કરવાનો હેતુ લોજ અને ફેડરેશન વચ્ચે તેમજ ફેડરેશન અને ઇન્ડિયન સેક્શન વચ્ચે જે વહીવટી પ્રશ્નો કાયમ રહેતા હતા, જેનો કાયમી અંત આવે.

બીજુ વારાણસી ઇન્ડિયન સેક્શન ભારતભરમાં રહેલ સભ્યોની સાચી સંખ્યા જાણી શકે, કેમકે હવે દરેક નવા સભ્યની ઓરીજનલ અરજી અને જુના સભ્ય તરફથી સભ્ય તરીકે ચાલુ રહેવા બાબતની E-mail થી આવેલ સંમતિ દરેક સભ્ય તરફથી મળશે.

દરેક લોજના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી ઉપરોક્ત બાબત ધ્યાનમાં રાખી સભ્ય સંખ્યા વધારવા માટે સક્રિય રહે તેવી આશા રાખવામાં આવે છે. ખાસ કરીને યુવા સભ્યો વધે તેવી અપેક્ષા છે.

• • •

(મો. : ૯૮૭૯૦૬૫૨૦૦)

# સૌન્દર્ય અને થિયોસોફી (દૈવી પ્રજ્ઞા)

પ્રસ્તુતિ
ડૉ. થોમસ પરમાર
અમદાવાદ લોજ

શ્રી સી. જિનરાજદાસ અગ્રગણ્ય તત્વચિંતક, વ્યાખ્યાતા, કેળવણીકાર, રસ મિમાંસક, ભાષાશાસ્ત્રી અને થિયોસોફિસ્ટ છે. બ્રહ્મવિદ્યાનાં ઉપાસક તરીકે એમણે અનેક દેશોમાં પ્રવાસ કર્યો છે. થિયોસોફિકલ સોસાયટીનાં તેઓ ચોથા પ્રમુખ પણ હતા. પ્રજ્ઞા અને કલા એમના જીવનની બે પાંખો છે. એની બેસન્ટે એમના વિશે કહ્યું છે કે, "એમની ભાષામાં છે એવી સુંદરતા એમના ચારિત્ર્યમાં છે." એમણે ૮૦ પુસ્તકો લખ્યાં છે, તે પૈકી "થિયોસોફિના પ્રાથમિક સિદ્ધાંતો" નામે શિષ્ટ ગ્રંથ એમની ચિરંજીવ કૃતિ છે. કલા વિશેના એમના પ્રવચનો અને લેખોને અનુવાદ 'કલા સૃષ્ટિ' નામે ગ્રંથમાં સમાવિષ્ટ છે. આ ગ્રંથના આધારે 'સૌંદર્ય અને થિયોસોફિ' વિશેના સી. જિનરાજદાસના વિચારો તા. ૨૨.૧૨.૨૦૨૧ ના રોજ થિયોસોફિકલ સોસાયટી (અમદાવાદ લોજ)માં રજૂ કરવામાં આવ્યા હતાં.

સત્યનું એક દ્વારા આપણી અંદર જ છે અને તે છે સૌંદર્યનું દ્વાર. થિયોસોફી એટલે દૈવી પ્રજ્ઞા અને તે સૌંદર્ય ભાવનાથી ભિન્ન નથી. જે માણસ ઈશ્વરી યોજનાને સમજતો જાય છે તેમ તેને સ્પષ્ટ સમજાય છે કે ઈશ્વરી યોજના પરમ સૌંદર્યથી ભરેલી છે. થિયોસોફીનો અભ્યાસ કરવાથી સૌંદર્યની ભાવના ખીલે છે. સૌંદર્યનો સાચો ઉપાસક થિયોસોફિનો ઊંડો મર્મ સમજી શકે છે.

વૃક્ષ, રોપ, લતા, સાગર, શૈલ અને સરિતા એ સર્વમાં પ્રિયતમાનાં સ્મિત સરખું સૌંદર્ય રહેલું જ છે. જ્યાં પ્રભુતા છે, ત્યાં જ સૌંદર્યનો નિવાસ છે.'

પરમ સુંદરતા એ દૈવી યોજનાનો આવશ્યક ગુણ છે. **सत्यम् शिवम् सुन्दरम्** – વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન પ્રભુના સત્ય સ્વરૂપનો, ધર્મ શિવ સ્વરૂપનો અને કલા સુન્દર સ્વરૂપનો સંદેશ આપે છે. **(Beauty is God and God is Beauty)** આપણી અંદર પણ પ્રભુનાં એ ત્રણેય સ્વરૂપો : સત્ય, શિવ અને સુંદર રહેલાં છે. પ્રભુમાં તે ત્રણ સ્વરૂપો પૂરી રીતે ખીલેલાં છે જ્યારે આપણામાં બીજ રૂપે રહેલા છે. વૃક્ષનાં બળ અને સૌંદર્ય બીજમાં જ રહેલ છે તેમ આપણી બાબતમાં પણ છે. આખું જગત પ્રભુનું સુંદર સ્વરૂપ જ છે.

કલાને કોઈ માતૃભૂમિ નથી અર્થાત્ કોઈ ભૌગોલિક સીમાડામાં કલાને બાંધી શકાતી નથી. તે વૈશ્વિક **(Universal)** છે. ટાગોરની 'ગીતાંજલિ'ના અંગ્રેજી, ફ્રેન્ચ કે ડચ ભાષામાં થયેલા અનુવાદો એ સર્વમાં હિન્દનો આત્મા તરવરે છે. વિશ્વયુદ્ધ વખતે જર્મની જ્યારે તટસ્થ રાજ્યોના વહાણ ડુબાડતું હતું અને નિર્દોષ સ્ત્રી-પુરૂષોનો સંહાર કરતું હતું ત્યારે પણ જર્મનીનું શ્રેષ્ઠ શાસ્ત્રીય **(Classical)** સંગીત લંડનમાં ગવાતું હતું. કારણ કે બ્રિટીશરો માનતા હતા કે જર્મનીનું સંગીત માત્ર જર્મનીનું જ નહિ પણ સર્વ પ્રજાનુંસંગીત છે. આમ કલાને દિશા, ફલ કે રાષ્ટ્રના બંધન નથી હોતા. રાષ્ટ્રવાદ ભેદ પ્રગટાવે છે જ્યારે સૌંદર્ય કલા દ્વારા સર્વ મનુષ્યોને એક તાંતણે જોડવાનું કામ કરે છે જે પ્રજામાં વધારે કલા હોય છે, તે પ્રજા પ્રભુતાનાં વધારે ગાઢ સાક્ષાત્કાર કરી શકે છે. કલા દ્વારા પૂર્ણતાની નજીક થોડાંક વધારે પગલાં માંડી શકાય. એક ગ્રીક કહેવત છે કે "મુક્તિની નજીક જતા મનુષ્ય પાસે ઉચ્ચ સૌંદર્ય દૃષ્ટિ હોવી જોઈએ." કલા એ મુક્તિને માટે આત્માની જરૂરી

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

તાલીમ છે. રસ્કિને પણ પૂર્ણ ચારિત્ર્ય બનાવવા માટે કલા ઉપર ભાર મૂક્યો છે. આપણામાંનો દરેક જણ એ કલાકાર છે – હોવો જોઈએ. કારણ દિવ્યતાનો અંશ થવું, એટલે જ કલાકાર થવું. ઉપનિષદો, ભગવદ્‌ગીતા, ધમ્મપદ ગિરિપ્રવચન આપણને કેમ જીવવું એ શીખવે છે. એજ પાઠ આપણને પાર્થેનોન, તાજમહાલ, બોરોબુદર, મીલાનનું દેવળ કે મદુરાનું મીનાક્ષી મંદિર કે શેક્સપીયર અથવા કાલિદાસનાં નાટકો પણ એ જ બોધપાઠ ભણાવે છે.

સૃષ્ટિના એકેએક પદાર્થ કે કણમાં પ્રભુના દર્શન થઈ શકે છે. કુદરતનાં અન્ય સ્વરૂપો કરતાં સમુદ્ર જ પ્રભુનું સાચું દર્પણ છે. સૂર્યાસ્ત તો (સ્વર્ગના) ખુલ્લા દ્વારા સમાન છે. પર્વતો તો પ્રભુના પહેરેગીર થઈને સદાય એમને વંદન કરતાં ઊભા છે. એમનાં દર્શન માત્રથી જ આપણી દૃષ્ટિ પ્રભુ તરફ વળે છે. ઝાડી ટેકરી અને ખીણ, વિશાળ ખેતર અને જંગલ, મેદાન અને ઝરણું એ સર્વ સૂતેલી અને મધુર સ્વપ્ન નિહાળતી પ્રિયતમાનાં વંદન પરના સ્મિત સમાન મોહક છે. પશુ-પંખીઓ, પુષ્પોની સુંદરતાથી કોણ અજાણ છે ? પ્રભુના આ સર્વ સર્જનોમાં કોણ કોનાથી ચડે ? પ્રત્યેકનું સૌંદર્ય અનોખું નથી ? પ્રત્યેક વસ્તુ સૌંદર્ય સ્વરૂપ પ્રભુના મનમાં પ્રવેશ કરવાની બારી છે.

પદાર્થનાં દરેક પરમાણુને પ્રભુએ દર્પણ જેવો ઘડ્યો છે, દરેકમાંથી પ્રભુની આકૃતિનું સૌંદર્ય ઝબકે છે.

ગુલાબ પુષ્પમાંથી એમનું સૌંદર્ય પ્રકટે છે અને એનું દર્શન બુલબુલ પંખીને પાગલ બનાવે છે.

દીપકની પ્રભા ફૂદાંને મરણ તરફ પ્રેરે છે.

સૂર્ય ઉપર પ્રભુનો પ્રકાશ પડ્યો કે તરત જ કમળે જળતરંગમાંથી પોતાનું મસ્તક ઊંચું કર્યું,

લયલાની કાન્ત કેશાવલીએ મજનુના હૃદયનું આકર્ષણ કર્યું, કારણ કે કો દૈવી કિરણનું પ્રતિબિંબ લયલાના બદન પર પડતું હતું.

પ્રભુએ જ શિરીનનાં ઓષ્ઠો પર મધુરતા સિંચી હતી,

એ માધુર્યની શક્તિથી પર્વિઝનું હૃદય ચીરાઈ ગયું,

અને ફરહાદનો પ્રાણ ઊડી ગયો.

આ રીતે સર્વત્ર એમનું જ સૌંદર્ય પ્રકાશી રહ્યું છે. પ્રભુ પોતે જ વસંત છે.

આપણને સૌંદર્યને પિછાળતાં શીખવું જોઈએ એ પુરતું નથી, આપણે સૌંદર્યનું સર્જન કરતા પણ શીખવું જોઈએ. સૌંદર્યનું સર્જન કરીને વિશ્વને પૂર્ણ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સર્વત્ર પ્રભુ કેદ થયેલ છે, આપણે જ એને મુક્ત કરવો જોઈએ. પાષાણ ખંડમાં શિલ્પ રૂપે પ્રભુ રહેલ છે, હથોડી અને છીણી વડે પથ્થરનો નકામો ભાગ કાપી નાખીને, આપણે એ શિલ્પને મુક્ત કરવું જોઈએ. વિશ્વની સૌંદર્યમય અને જ્ઞાનમય વિચારણા એ જ બ્રહ્મવિદ્યા અથવા થિયોસોફીની ચાવી છે. પ્રભુના દૃષ્ટિબિંદુથી મનુષ્ય અને જગતને નિહાળવાનો માર્ગ એ જ બ્રહ્મવિદ્યા છે.

સૌંદર્ય એ તો આત્માનો ગુણ છે.

'હું જો થિયોસોફિકલ સ્વર્ગનો દ્વારપાલ હોઉં, તો દરેક જીવને એક જ પ્રશ્ન પૂછું. "ભાઈ, તમે પૃથ્વી પર હતા, ત્યારે કલામય બન્યા હતા ?" જો એમનો ઉત્તર એમ હોય કે, "હું ભક્ત હતો, અને મેં કલામયતા તો કાંઈ ખાસ ખીલવી નથી." પધારો, થોડાં વધારે જન્મો ગાળો, તમારા જીવનને કલામય બનાવો અને પછી જ સ્વર્ગમાં પાછાં આવજો."

થિયોસોફિકલ સ્વર્ગમાં પ્રવેશ માટે કલામયતાનાં ગુણને એટલા માટે મહત્ત્વ આપવામાં આવે છે કે થિયોસોફિકલ સ્વર્ગ એ માત્ર ભલાઈ અને ભક્તિનું જ ધામ નથી; એ એક એવું સ્થળ છે કે જ્યાં દૈવી મન સંપૂર્ણપણે વ્યક્ત થાય છે. પ્લેટો અંતિમ સત્યને સત્ય, શિવ અને સુંદર એવી ત્રિપુટી રૂપે વર્ણવે છે. થિયોસોફિકલ સ્વર્ગ પ્લેટોના આ સ્વપ્ન જેવું છે.

કલામય બનવું, એટલે જીવનમાંથી વધારે જીવન પ્રગટાવવાની સર્જનશક્તિ ખીલવવી. કલાનું કાર્ય જીવનમાંથી વધારે જીવન પ્રગટાવવાનું છે. બધી જ કલાઓ એ જીવનનાં કોઈ નવીન પ્રદેશનાં દર્શન કરાવનારી બારીઓ છે. પરબ્રહ્મને ધર્મ પ્રભુ કહે છે અને કલા સૌંદર્ય કહે છે.

કલા દ્વારા આપણે હકીકતનો આત્મા શોધીએ છીએ, સત્યનો સાક્ષાત્કાર સમજુ થિયોસોફિસ્ટને હોવો જ જોઈએ. થિયોસોફિસ્ટે જગતથી નાસીને જંગલ કે ગુફામાં વસવાનું નથી પરંતુ જગતના ચોકની વચ્ચે લોકો સાથે રહેવાનું છે. દરેક સ્થળે સાચી કલ્પનાને પોષવી એ થિયોસોફિસ્ટોની સુખકર ફરજ છે. કલાયુગની ઉષાને વહેલી આણવી એ પણ થિયોસોફિસ્ટની ફરજ છે. થિયોસોફિસ્ટોનો સર્વોત્તમ ધર્મ એ છે કે મનુષ્યની પ્રભુતા મુક્ત કરે એવી દરેક ક્રિયા કે પ્રવૃત્તિને પોષવી. આપણે આપણા વિચારો, શબ્દો અને કાર્યોમાં સૌંદર્ય પ્રકટાવીને મહાન કલાકાર બનશું, ત્યારે જ આપણે પ્રભુતાનો સાચો સાક્ષાત્કાર કરી શકીશું.

પ્રભુ પ્રેમ સ્વરૂપ અને જ્ઞાન સ્વરૂપ છે, તેમજ સૌંદર્ય સ્વરૂપ પણ છે. પ્રભુનો પ્રેમ પ્રજ્ઞા અને પ્રતાપ (શક્તિ) ઉપરાંત સૌંદર્ય મારફત પણ પ્રગટે છે.

(મો. : ૯૮૨૫૩૮૪૬૨૩)

• • •

(સાગર પંખી..... પાના-૧૭ ઉપરથી ચાલુ)

સમજણ પણ ખીલવવાની જરૂર છે. આમ નહિ થવા પામે તો એ માત્ર બાહ્યાચાર જ બની જાય. પ્રત્યેક વ્યક્તિ પરમાત્મા, બ્રહ્મ કે ઈશ્વરનો અંશ છે તેથી પ્રત્યેક મુક્તિનાં પ્રતીકરૂપ છે.

જે કોઈ સાચી ઓળખ મેળવવાની દિશામાં ડગ ભરવાની તૈયારી કરે તે સફળ બની શકે છે. તેટલા માટે જ જે કંઈ બંધનકર્તા હોય તે બધું છોડવું જ રહ્યું. 'એટ ધ ફીટ ઓફ ધ માસ્ટર'માં એ જ બતાવ્યું છે કે શિષ્યે પોતાની અંદર ડોકિયું કરવા અગાઉ તેણે પોતાની આખી જાત, પોતાના મન-શારીરિક બંધારણને સમજવું જરૂરી છે. દેહ, આવેગ અને વિચારણામાં પોતે ક્યાં અટકી રહ્યો છે તે પોતે જ વિવેકપૂર્વક સમજી લેવાનું છે. આમ જે કંઈ વ્યક્તિગત કક્ષાનું અંગત છે તેને ત્યજવાનું છે. આનો અર્થ સ્થૂળ દેહ કે અન્ય દેહોને ત્યજવાની કે છોડવાની વાત નથી, પણ તેની મર્યાદાને સમજવાની છે. આપણી ચેતના સ્થૂળ દેહ ઉપરાંત અનેક આકારોમાં મર્યાદિત બનાવી છે. તે દરેકની મર્યાદા અને તેનો ઉપયોગ જાણી તે મુજબ તેને મહત્ત્વ આપવું જરૂરી છે. જ્યારે આપણે તો આપણા દેહ, લાગણી, વિચારોને બિનજરૂરી મહત્ત્વ આપી રહ્યાં છીએ. કોઈપણ આકાર કે આકૃતિ મર્યાદિત અવકાશનું સૂચક છે. મુક્તિની વાત કરનારને મર્યાદા કેવી ? મર્યાદા બાંધનાર કોણ ? ઊંડે ડૂબકી લગાવવા અગાઉ આ સામાન્ય જણાતી બિનમહત્ત્વની લાગતી બાબતને સાચા અર્થમાં સમજવી જરૂરી છે, આગળ ઊંડે જવા માટેની દઢ ભૂમિકા અંગેની પૂર્વ તૈયારી રૂપ છે. (ક્રમશઃ)

(મો. : ૯૮૯૮૫૧૨૧૪૬)

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ સંસ્મરણ અને વ્યક્તિત્વ

**(મૂળ લેખક : પી.કૃષ્ણા, ● અનુવાદક : શ્રી હર્ષદ દવે)**

પ્રસ્તુતિ
શ્રી હર્ષદ દવે
રેવા લોજ, વડોદરા

*ગતાંકથી આગળ...*



૧૯૫૭-૫૮ ના શિયાળામાં તેઓ દિલ્હીમાં શિવરામ સાહેબને ત્યાં ઉતર્યા હતા કે જે અમારા કુટુંબના જૂના મિત્ર હતા અને હું દિલ્હી યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રમાં માસ્ટર્સનો અભ્યાસ કરી રહ્યો હતો. મેં તેમના જાહેર ભાષણો સાંભળ્યા, અને હું તેમને મળવા માટે ખૂબ જ ઉત્સુક થઈ ગયો હતો. એ જાણીને શિવરામ સાહેબે મને એક દિવસ તેમની સાથે ભોજન કરવા માટે બોલાવ્યો. જમતાં પહેલાં જ્યારે તેમણે મારો પરિચય આપ્યો ત્યારે તેમણે પૂછ્યું, 'તું શું કરે છે ?'

મેં કહ્યું, 'હું યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રનું અધ્યયન કરી રહ્યો છું.'

એટલે તેમણે પૂછ્યું, 'ભૌતિકશાસ્ત્ર માટે ભણો છો ?'

મને આ પ્રશ્ન થોડો વિલક્ષણ લાગ્યો કારણ કે યુનિવર્સિટીમાં સહુ કોઈ કાંઈક ને કાંઈક અધ્યયન કરવા માટે જ આવતા હોય છે.

મેં કહ્યું, 'નોકરી મેળવીને મારું જીવન ચલાવવા માટે અને જીવનમાં કાંઈક કરી શકું તે માટે.'

બીજા ઓરડામાં રહેલા શિવરામ સાહેબને તેઓ મોટેથી કહેવા લાગ્યા, 'જુઓ શિવરામ, આપણું શિક્ષણ કેટલું ખોટું છે. આ યુવાન બાળક ઓગણીસ વર્ષનો છે અને તેને અત્યારથી જીવન ચલાવવાની અને ઘર વસાવવાની ચિંતા થાય છે !'

મને લાગ્યું કે મારો વાંક કાઢ્યો છે, તેથી મેં પૂછ્યું, 'એમાં ખોટું શું છે ?'

તેમણે કહ્યું, 'ગમે તે કરો, ભીખ માંગો, ઉધાર લો, ભલે ચોરી કરો, પણ ભવિષ્યથી ડરો નહીં, કેવી રીતે જીવન ચલાવશો એની ચિંતા ન કરો.'

હું વ્યાકુળ થઈ ગયો અને મેં કહ્યું, 'ચોરી કરું ?'

ત્યારે તેમણે કહ્યું, 'નહીં, હું ચોરી કરો એમ નથી કહેતો. મારા કહેવાનો આશય એવો છે કે ગમે તે કરે, પરંતુ તે એટલા માટે કરે કે તેમ કરવાનો તમારામાં જુસ્સો છે. જીવન જીવવા માટે નહીં. આજ તો દોષ છે આજના શિક્ષણનો કે જેનો આશય કેવળ નોકરી મેળવવા અને જીવન ચલાવવા સુધી મર્યાદીત છે. આપણે શિક્ષણને સાવ તુચ્છ અને નાની બાબત બનાવી દીધી છે.'

એ એમની ખાસિયત હતી, લોકોને ખુશ કરવા માટે કે તેમને પ્રભાવિત કરવાની કોઈ ખોટી ઈચ્છા વગર, જે પણ કહે તે તત્ક્ષણનું સત્ય, જે યોગ્ય લાગે તે સંવેદના અને જુસ્સાપૂર્વક કહી દેતા હતા.

અમારું ભોજન તેમની સાથે બહુ જ ધીમે ધીમે ચાલતું હતું. ઘણી બધી વાતો કરતાં કરતાં. મેં પૂછ્યું, 'સર, મેં વાંચ્યું છે કે થિયોસોફિકલ સોસાયટીમાં એક બંધ ઓરડામાં બેસીને તમે લોકો મૃત આત્માઓ સાથે વાતો કરતા હતા અને તેમની સૂચનાઓ લાવતા હતા, જેને 'અકલ્ટ' શક્તિ કહે છે. શું એ બધો એક પ્રકારનો કાલ્પનિક ભ્રમ હતો ?'

તેમણે કહ્યું, 'નહીં સર, તે બધું હોય છે, તે એક પ્રકારની શક્તિ છે જેનો સારપ સાથે કોઈ સંબંધ નથી,

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

એટલે તેમાં મને રસ નથી. અને હા, આપણાં મગજમાં કલ્પનાની શક્તિ પણ અસીમ છે જે ભ્રમ ઉત્પન્ન કરે છે.'

પછી હું વિચારતો હતો કે એનો શું અર્થ છે ? મને લાગ્યું કે તેઓ એમ કહી રહ્યા છે કે ટેલીપથી, ઈ.એસ.પી. તથા બીજી અકલ્ટ (અતીંદ્રિય) શક્તિઓ હોય તો છે જ પણ એક ધાર્મિક મન કોઈ પણ શક્તિમાં રસ નથી ધરાવતું હોતું. ભલે પછી તે શારીરિક તાકાત હોય, અથવા ધન, માન, પદ, પ્રતિષ્ઠા વગેરે હોય. એટલે તે અતિ-ઇંદ્રિય શક્તિની ઈચ્છા પણ શા માટે રાખે ?

તેમણે પોતાને વિષે એક અનોખી વાત કહી. તેમની બાળપણની બધી સ્મૃતિ સંપૂર્ણપણે ભૂંસાઈ ગઈ હતી. તેમને અદ્યારના રસ્તા પણ યાદ નથી રહ્યા. જો કે તેઓ ત્યાં ૩૮ વર્ષના થયા ત્યાં સુધી રહ્યા હતા. તેમણે કહ્યું કે તેમના ભાઈ નિત્યાનંદનો ચહેરો તેમને યાદ નથી અને મિસિસ એની બેસન્ટનાં ચહેરાનો બહારનો આકાર જ યાદ છે. એવું કહીને તેમણે એમ પણ કહ્યું કે એ તેઓ ઈચ્છે તે તેઓ એ બધું ફરીને સ્મૃતિમાં લાવી શકે છે. મેં તેમને પૂછ્યું કે શું એવું એટલા માટે છે કે તેઓ હંમેશાં વર્તમાનમાં જીવે છે અને અમારા લોકોની જેમ ભૂતકાળને વારંવાર યાદ નથી કરતા ?

તેમણે કહ્યું, 'નહીં સર, વાત એમ નથી.'

તેમણે બીજી એક અનોખી વાત કહીં. તેમણે કહ્યું કે તેમને એ ખબર નથી કે ભૂખ કોને કહેવાય.

મેં પૂછ્યું, 'એટલે ? શું તમે કાંઈ ન ખાઓ તો થોડા સમય પછી તમને જમવાની ઈચ્છા થતી નથી ?

તેમણે કહ્યું, 'નહીં. હું અશક્ત થતો જાઉ છું અને એટલે હું જમું છું.'

મને માન્યામાં ન આવ્યું. શું ઈચ્છાથી મુક્તિ છેક આટલી હદ સુધી હોઈ શકે ?

એ સમયે એમિલી લુટ્યન્સનું પુસ્તક 'કેન્ડલ્સ ઈન ધ સન' આવી હતી. તેમાં એમના થિયોસોફીકલ સોસાયટીમાં વિતાવેલા જીવનનું વર્ણન હતું અને તેમની ચારે બાજુ જે ષડયંત્ર અને રાજકારણ રમાયું તેની વિગત હતી. મેં કૃષ્ણમૂર્તિને જણાવ્યું કે મેં તે પુસ્તક વાંચ્યું છે. તેમણે કહ્યું, 'તે વિષે તમારું શું કહેવું છે ?'

મેં કહ્યું, 'મને લાગ્યું કે એ પુસ્તકની જરૂર જ ન હતી.' તેમણે કહ્યું, 'કયું પુસ્તક જરૂરી છે, સર ?'

હું તેમના વાર્તાલાપ પછી તેમને ઘણા બધા પ્રશ્નો પૂછતો હતો. એકવાર આવા સવાલ-જવાબ પછી હું તેમની સાથે હસ્તધૂનન કરવા ગયો. મારો હાથ પકડીને તેઓએ બહુ પ્રેમથી કહ્યું,

'ઘણા વધારે પ્રશ્નો બેટા, ઘણા વધારે પ્રશ્નો !'

તેમની પાસે હોઈએ ત્યારે તેમના જે પ્રેમ અને જે સ્નેહનો અનુભવ થતો હતો તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. તે તેમના સ્મિતથી, તેમની દૃષ્ટિ દ્વારા, તેમના અવાજમાં, તેમની સંપૂર્ણ અસ્તિત્વમાં છલકતો હતો.

**રાજઘાટમાં વાર્તાલાપ**

૧૯૫૯ માં હું એક રિસર્ચ સ્કોલર બનીને બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં આવ્યો. ત્યારે ખબર પડી કે એ જ શહેરમાં તેમની એક સ્કૂલ છે જ્યાં તેઓ દર વર્ષે આવીને એક કે બે મહિના રોકાય છે અને તેમના જાહેર વાર્તાલાપો યોજાય છે. તે સ્કૂલ સારી એવી દૂર, શહેરના એક બીજા છેડા પર હતી પરંતુ જ્યારે પણ શક્ય હોય ત્યારે હું તેમને સાંભળવા માટે મારી સાઈકલ પર જતો હતો. તેઓએ એક વાર્તાલાપમાં કહ્યું, 'એક અનુશાસનબદ્ધ મન આળસુ મન છે.' (ક્રમશઃ)

(મો. : ૮૭૫૮૭૪૬૨૩૬)

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**

**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

*પ્રસ્તુતિ*
શ્રી પ્રફુલ્લભાઈ શાહ
*અમદાવાદ લોજ,*

# અમદાવાદ લોજ – એક વિશિષ્ટ અહેવાલ

અમદાવાદ લોજ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. પાંચમાં બુધવારે 'સંગીત સંધ્યાનું' આયોજન થાય છે. સભાસદો પોતાનાં પરિવારજનો સાથે આવે અને સહભાગી થાય, આનંદ-ઉત્સવ મનાવે અને થિયોસોફિક પ્રવૃત્તિઓથી વધુ પરિચિત થાય તેવું આયોજન થાય છે.

તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ "સંગીત સંધ્યા તેમજ સન્માન કાર્યક્રમ'' મણિનગર ખાતે આવેલ બાલકૃષ્ણ હવેલીમાં બપોરે ૩.૩૦ થી ૮.૩૦ સુધીમાં સંપન્ન થયો.

લોજ પ્રમુખશ્રી રમેશભાઈ ડોલીઆએ સ્વાગત પ્રવચન કરી થિયોસોફિકલ સોસાયટી તથા અમદાવાદ લોજ વિશે માહિતગાર કર્યા. શ્રી પ્રફુલ્લભાઈ શાહે થિયો. સોસા.ની સ્થાપના ૧૭ નવેમ્બર, ૧૮૭૫ થી અમદાવાદ લોજની સ્થાપના ૨૮ માર્ચ, ૧૮૯૯ થી ૨૦૨૧ ડિસેમ્બર સુધીના વિકાસ અંગેની રસપ્રદ માહિતી આપી. અમદાવાદ લોજે સતત પ્રેરણા આપતાં મહાનુભાવોનું સન્માન કરેલ છે. ડૉ. વિજયભાઈ પંડ્યા કે જેઓ રોહિત લોજનાં સભ્ય છે તેમણે વાલ્મિકી રામાયણનું ગુજરાતીમાં ભાષાંતર કરેલ છે. સોમનાથ મંદિર ટ્રસ્ટે અને ગુજરાત સરકાર તરફથી તેમને પારિતોષિકો એનાયત થયેલાં છે. તેઓ અમદાવાદ લોજનાં નિયમિત વક્તા છે. તેમનું સ્વાગત શ્રી રમેશભાઈ ડોલિયાએ બોલપેન અને પુષ્પગુચ્છ આપીને ધન્યતા અનુભવી. તેમનું સન્માન પ્રો. હરિવદનભાઈ છીંકણીવાળાએ મેમેન્ટો આપીને કર્યું. ડૉ. થોમસભાઈ પરમાર કે જેઓ વ્યવસાયે પ્રાધ્યાપક છે અને ઈતિહાસકાર તથા જગતનાં ધર્મોનાં અધિકૃત અભ્યાસુ છે તેમણે "આવો સર્વધર્મને જાણીએ'' વિષે ત્રિદિવસીય અભ્યાસવર્ગ લીધેલ. તેમનું બોલપેન અને પુષ્પગુચ્છ આપીને સ્વાગત થિયોસોફીક જ્યોતિનાં તંત્રીશ્રી હર્ષવદન શેઠ દ્વારા કરવામાં આવ્યું. તેમને મેમેન્ટો આપીને લોજનાં મંત્રીશ્રીએ સન્માન કર્યું. અમદાવાદ લોજનાં ટેલિ એકાઉન્ટની જવાબદારી શ્રી કનુભાઈ રમણલાલ શાહ સંભાળે છે અને માનદસેવા આપે છે. તેમનું સન્માન મેમેન્ટો આપીને ઉપપ્રમુખશ્રી જયંતિભાઈ પરમારે કર્યું. પ્રો. હરિવદનભાઈ છીંકણીવાળાએ રવિન્દ્રનાથ ટાગોરની કૃતિ "ગીતાંજલી''નું ગુજરાતીમાં ભાષાંતર કરેલ છે. અમદાવાદ લોજ દ્વારા તેમનું બહુમાન અને અભિવાદન કરવામાં આવ્યું. પ્રો. છીંકણીવાળા સાહેબે લોજને તેમજ અન્ય મહાનુભાવોનું આ પુસ્તક ભેટ સ્વરૂપે આપ્યું. ડૉ. વિજયભાઈ પંડ્યાએ તેમને મેમેન્ટો આપીને અભિવાદન કર્યું. ત્યારબાદ ડૉ. વિજયભાઈ પંડ્યાએ પ્રસંગોચિત અત્યંત માર્મિક શૈલીમાં પ્રવચન કર્યું. શ્રોતાઓએ ધન્યતા અનુભવી.

કાર્યક્રમનાં બીજા તબક્કામાં સંગીત કલાકાર સુશ્રી રીટાબેન ત્રિવેદી, કિશોરભાઈ ગણાત્રા, સુશ્રી ભાનુબેન ગણાત્રા અને સુશ્રી કેયુરીબેન શાહને સન્માનિત કરવામાં આવ્યાં. તેમનાં ગીતોનો આસ્વાદ માણવા મળ્યો. સંગીત કાર્યક્રમનાં આ પ્રસંગે શ્રી મનિષભાઈ હસમુખલાલ પંડ્યા જેઓ સંગીતનાં કાર્યક્રમો આપે છે તેમણે અને તેમનાં ભાઈશ્રી નલિનભાઈ પંડ્યાએ વિવિધ ગીતો તથા મિમીકી રજૂ કરીને વાતાવરણને આનંદમય બનાવ્યું. અંતે આભાર સાથે સ્વરૂચિ ભોજનનાં આનંદ સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ.

(લેખક : મો. નં. : ૯૩૨૮૦૫૧૭૦૧)


**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

# હરજીવન આશ્રમ, કડોલી – એક વિશિષ્ટ અહેવાલ

પ્રસ્તુતિ

શ્રી દીપક પંડ્યા

## હરજીવન આશ્રમ, થિયોસોફિકલ સોસાયટી, કડોલી



લોજ દ્વારા પ્રત્યેક રવિવારે આયોજિત થતી મીટીંગોની પરંપરામાં બીજી જાન્યુઆરી, ૨૦૨૨નાં રોજ એક વિશેષ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું કે જે લોજ પ્રમુખ શ્રી ચંદુલાલ એચ. પંડ્યાની અધ્યક્ષતામાં તથા ઉપાધ્યક્ષ શ્રી શંકરભાઈ પટેલ અને મંત્રીશ્રી નરેન્દ્ર પટેલની હાજરીમાં યોજાઈ.

વિશેષ મીટીંગની કાર્યસૂચિનાં તમામ મુદ્દાઓ પર ગંભીરતાપૂર્વક વિચાર કરીને સર્વસંમતિથી અને સહકારથી ત્રણ માસની અવધિમાં નક્કર કાર્યવાહી કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો. હરજીવન આશ્રમ, કડોલી લોજ દ્વારા ફેડરેશનનું આયોજન કરવાની વિચારણા થઈ મહિલા ગ્રુપ દ્વારા દર ગુરૂવારે સામુહિક ભજનોનું આયોજન કરવા માટે સહમતિ પ્રગટ કરવામાં આવી છે. લોજ માટે કોમ્પ્યુટર અને મલ્ટીમીડિયા તથા LED વસાવવામાં આવશે. પુસ્તકાલયની વ્યવસ્થા અને માવજત માટે કાર્યવાહી કરવામાં આવશે. આ દિવસે જ એટલે કે બીજી જાન્યુઆરીએ ૨૫ નવા યુવાન ગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટ ઉમેદવારોએ સહર્ષ જોડાઈને લોજનું સભ્યપદ સ્વીકાર્યું. સૌમાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ. હજુ પણ નવા સભ્યો જોડાઈ રહ્યા છે તે ઉત્સાહજનક બાબત છે.

૬ઠ્ઠી જાન્યુઆરીએ લોજ તરફથી સત્સંગ ભજન કિર્તન કાર્યક્રમ ગામની મહિલાઓ દ્વારા શ્રી મહાકાળી માતાજીનાં સાન્નિધ્યમાં યોજાયો. લોજનાં પ્રમુખ શ્રી ચંદુભાઈ પંડ્યાએ તથા ઉપપ્રમુખશ્રી શંકરભાઈ પટેલે પ્રાસંગીક સંબોધન કર્યું હતું. શ્રી ચંદુભાઈએ આધ્યાત્મિક વિકાસની સાથે મહિલાઓની આત્મનિર્ભરતા પર વિશેષ ધ્યાન દોરતાં નિર્વ્યસની જીવનની હાકલ કરી હતી.

(મો. : ૯૪૨૭૨૨૧૨૨૦)



### પ્રેરણાદાયી સમાચાર

હરજીવન આશ્રમ, કડોલી લોજના સક્રિય સભ્યશ્રી દીપકભાઈ પંડ્યા દ્વારા આ ખાસ પ્રેરણાદાયી સમાચાર રજૂ થાય છે. તેમના જણાવ્યા અનુસાર કડોલી લોજને ટેક્નિકલી સમૃદ્ધ બનાવવાનો હેતુસર યુવા સભ્યોની મદદથી આધુનિક સમય સાથે કદમ મિલાવવા તથા સંસ્થાને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા કટિબદ્ધ થવાનાં આશયથી યુવાસભ્યોએ કમર કસી છે. એક બી.ફાર્મ થયેલાં યુવા કાર્યકર સભ્ય **શ્રી ઘનશ્યામભાઈ અનિરૂદ્ધ વ્યાસ, હિંમતનગર, મૂળ સાંપડ**નાં વતની છે. તેમણે હરજીવન આશ્રમની લાયબ્રેરી કબાટનાં ખર્ચ પેટે રૂા. ૧૫૦૦૦/- નું દાન કરેલ છે. તેઓ અત્યંત શિક્ષિત હોવાની સાથે સાથે ઉચ્ચ અધ્યાત્મની સંપદા ધરાવે છે. તેઓ ફાર્મસી કોલેજનાં છાત્રોને અધ્યાપન કરાવી રહ્યાં છે. કડોલી લોજના સભ્યો હર્ષની લાગણી અનુભવે છે.

# સાગર પંખી

*પ્રસ્તુતિ*

શ્રીમતિ પરવીન પટેલ
*રેવા લોજ, વડોદરા*

*ગતાંકથી આગળ...*

જોનાથન બધુ જ ભૂલીને આ રીતે કેમ ઊડી શકાય તે જાણવા ઉત્કંઠા દર્શાવે છે. ચીઆન્ગ પ્રત્યુત્તરમાં જણાવે છે કે, "ક્યાંક જવાની ઈચ્છા સાથે જ ત્યાં પહોંચી શકાય. જે સીગલ મુસાફરીને માટે પૂર્ણત્વ મેળવવા ચાહે છે તે અત્યંત ધીમી ગતિએ જાય છે. પણ જે પૂર્ણત્વને માટે મુસાફરી જ બાજુએ મૂકે તે ગમે ત્યાં ધારે ત્યારે પળમાત્રમાં જઈ શકે છે. યાદ રાખજે સ્વર્ગ સ્થળ અને સમય બંને નથી, તે બંને અર્થહીન છે." આની મુખ્ય ચાવી આપતાં આગળ જણાવે છે કે વિચારની ઝડપે ઉડવું એટલે તમે આવી પહોંચ્યા છો તે સમજવાની તૈયારી !" અહીં ગુપ્તવિદ્યા (occultism) અને રહસ્યવિદ્યા (Mysticism) અંગે માર્મિક ઉલ્લેખ છે ! મુસાફરીને માટે પૂર્ણત્વ મેળવવું અર્થાત્ અદૃશ્ય જગતમાં ખેડાણ કરીને પોતાના વિસ્તારને આપણું ધ્યેય આપણાથી ઘણે ઊંચે છે એવા દ્વૈતભાવથી પૂર્ણત્વની દિશામાં કૂચ કરવી અર્થાત્ ગુપ્તવિદ્યાને માર્ગે ખેડાણ કરવું. જ્યારે પૂર્ણત્વને માટે મુસાફરી જ બાજુએ મૂકી દેવાની વાત કરે છે તે અવ્યક્ત સ્વરૂપ સર્વત્ર પ્રગટી રહ્યું છે, વિલસી રહ્યું છે તેની અનુભૂતિ અહીં અને હમણાં જ (Here and Now) થઈ શકે. તે માટે મુસાફરીનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો, આજ રહસ્યવિદ્યાનું ખેડાણ ! જ્યાં દ્રષ્ટા અને દૃષ્ય એક બન્યાં ત્યાં અભેદ જ હોવાનો. સ્થળ અને સમયની મર્યાદા આપણા મન કે ચિત્ત દ્વારા ઊભી થઈ છે. મન પોતે બે ધ્રુવો વચ્ચે રમમાણ કરતું હોવાથી હંમેશા સ્થળરૂપી વિસ્તાર અને સમયરૂપી અંતર તેને દેખાતું રહેવાનું. સ્થળને પરિણામે નજીક કે દૂરનો આભાસ થાય છે. સમય ગતિનું સૂચક છે. મેડમ બ્લેવેટ્સ્કીએ જણાવ્યું છે તેમ વર્તમાન પળને વિશે વિચારતાં સુધીમાં તે ભૂતકાળ બની જાય છે, જે ભવિષ્યનું લાગતું હતું તે ઘડીકમાં વર્તમાન પળમાં સરી પડે છે. માત્ર "Eternal Is" (શાશ્વત અનંત વર્તમાન) સિવાય છે શું ? પ્રત્યક્ષીકરણનાં પરિમાણો વિસ્તરતાં જાય તેમ અંતરનો આભાસ ઘટતો જાય છે.

જોનાથન કેટલાય દિવસો પર્યંત પ્રયત્નો કરે છે. એક દિવસ ચીઆન્ગ જણાવે છે કે "શ્રદ્ધા માટે ભૂલી જા, ઊડવા માટે શ્રદ્ધાની નહિં સમજણની જરૂર છે. શ્રદ્ધા વ્યક્તિમાં આત્મ–વિશ્વાસ પ્રગટાવે છે. અંતિમ પળે તો પોતાના મંથનમાંથી સાંપડેલી સમજ (Understanding)નું જ મહત્ત્વ છે. અંદરથી પ્રગટેલી સમજ બધા ભેદોને દૂર કરીને તત્ક્ષણ જ અનુભૂતિરૂપે સાકાર બને.

એકવેળા જોનાથન સમજી શકે છે કે તે ખરેખર પૂર્ણ સીગલ છે. ત્યાં જ ચીઆન્ગ કહે છે 'સુંદર'. તે આંખ ઉઘાડીને પોતાને નવી ભૂમિકા ઉપર જુએ છે. ચીઆન્ગ કહે છે, "હવે તું જાણી શક્યો છે, અત્યારે આપણે બીજા જ ગ્રહ ઉપર છીએ. તમે જ્યારે જાણી શકો છો ત્યારે તેમ થઈ શકે છે." તે પાછો ફરે છે ત્યારે અંધકાર હતો. બીજાં સીગલોએ જોનાથનને એક જ જગ્યાએ ધ્યાનમગ્ન જોયો હતો. ત્યાંથી તે અદૃષ્ય થઈ ગયેલો. તેથી જ્યારે તેઓ પાછા આવે છે બધાં તેને અભિનંદન આપે છે. જોનાથન નમ્ર પણે કહે છે, હું

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

હજી નવો જ છું માટે તમારી પાસે ઘણું શીખવાનું છે. ત્યારે સુલવીન કહે છે, "દસ હજાર વર્ષે તું જ એક એવો મળ્યો કે જેને શીખવા માટે ઓછામાં ઓછો ભય છે."

ચીઆન્ગ તેને આગળ જણાવે છે કે "હવે સમયને અંગે શીખ. ભૂત અને ભવિષ્યને છેદીને ઊડવાનું શીખ ! ત્યાર પછી તું સૌથી મુશ્કેલ છતાં શક્તિશાળી બાબતને માટે તૈયાર થશે. તું ઊંચે ઊડવા તૈયાર થશે અને કરૂણા અને પ્રેમના અર્થને સમજતો થશે." સમયનાં પરિમાણોને ભેદનાર કોઈ મહાન દીક્ષિત જ હોઈ શકે. દીક્ષિત એટલે જેનું સંવિત્ અતિ વ્યાપક બન્યું છે તે ! આ છેવટની ઘડીએ પણ અભયીપણું એટલું જ જરૂરી છે, જે પળ બિંદુએ સિંધુમાં વિલીન થવાની પળ છે ! સ્થળ અને સમયનાં પરિમાણોને ભેદવાનું વર્ણન શ્રી જેમ્સ પરકીન્સે **A Geometry of Space-Consciousness**માં અદ્‌ભૂત રીતે કર્યું છે. "પાંચ, છ, સાત પરિમાણો અસ્તિ અને પ્રબળ જાણકારીનાં ક્ષેત્રો કે જે દિવ્ય સંવિતનાં સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન દ્વારા સૂચિત ત્રણ પાસાંઓમાં કૂદકો મારવા જેવું છે. સંવિતનું પાંચમું પરિમાણ સર્વવ્યાપકતાની સ્થિતિ છે કે જેમાં એક સાથે વિશ્વને કોઈપણ ઠેકાણે અને સર્વત્ર ત્વરાથી પહોંચી શકે. સમયનાં પ્રદેશની મર્યાદા તરીકે સંવિતના આ પ્રદેશનું પ્રત્યક્ષીકરણ કરીએ છીએ કારણ વ્યક્તિ એક સાથે ગમે ત્યાં પહોંચી શકે તેનો અર્થ સમયનાં અંતરની અમૂર્તતા અદૃશ્ય થાય ! સંવિતનું છઠ્ઠું પરિમાણ સર્વજ્ઞતાનું સૂચક છે. તે સૌમાં વ્યાપેલી એકરૂપતા પરત્વે સતત સભાન રહીને દરેક વસ્તુની જાણકારીની તીવ્રતા હાંસલ કરે છે. આ સંપૂર્ણ સંવાદિતાની સ્થિતિ છે. સંવિતનું મધ્યબિંદુ સર્વત્ર છે છતાં તેનો પરિઘ ક્યાંય નહીં ! છઠ્ઠા પરિમાણમાં અવકાશ (Space)ના વિભાગો નથી હોતા, તે તો સીક્રેટ ડોક્ટ્રીનનાં (મૂળભૂત અવકાશ) **Parent space**માં વિલીન થઈ જાય છે. અહીં જ અવકાશનાં વિભાગીકરણનો અંત **Absolute Beingness** (પૂર્ણ અસ્તિત્વ)માં આવે છે. સાતમું પરિમાણ સર્વ શક્તિમાનની (પૂર્ણ ગતિ) **Absolute motion** છે. સમય રહિતતા અને અવકાશ રહિતતામાં સર્વત્ર સતની ઓળખ ! આજ સીક્રેટ ડોક્ટ્રીનમાં વર્ણવેલ **Absolute Abstract Motion** (પૂર્ણ-અમૂર્ત-ગતિ) છે." ટૂંકમાં કહીએ તો સચ્ચિદાનંદ સ્થિતિ ! આ પરિમાણોને ભેદનાર જ કરૂણા અને પ્રેમના મર્મને સાચી રીતે સમજી શકે છે અને પ્રગટાવી શકે છે.

ચીઆન્ગ બીજા જગતમાં જવાની અગાઉ સૌને શીખવાનું ચાલુ રાખવા તથા પૂર્ણ અવ્યક્ત એવા જીવનનાં સિદ્ધાંતને સમજવા સતત પ્રયત્નશીલ બનવા જણાવે છે. જોનાધનને પ્રેમને અંગે કાર્ય કરવાનું ચાલુ રાખવા જણાવીને અત્યંત પ્રકાશિત સ્વરૂપ દેદીપ્યમાન થઈને ત્યાંથી અદૃશ્ય થાય છે. ચીઆન્ગનું પાત્ર પૂર્ણપુરૂષનું લાગે છે. અહીંનું કાર્ય પરિપૂર્ણ થતાં અદૃષ્ય જગતનો સંપર્ક ત્યજીને વધુ ઉચ્ચતમ ભૂમિકાએ કાર્ય કરવા માટે અદૃશ્ય થાય છે. ત્યાર પછી દિવસો વીતતા ગયા. જોન પોતે જ્યાંથી આવ્યો હતો તેને ફરી ફરીને યાદ કરે છે, વિચારે છે, મને દોરવવા કોઈક મળ્યું હોત તો હું વધુ આગળ શીખી શક્યો હોત. મારે તેઓની મદદ માટે જવું જ જોઈએ. સુલીવન હવે પૂર્ણપુરૂષ **Adept** બન્યો છે. નવાં સીગલોને શીખવાડવા માટે જોનની મદદ માંગે છે. થોડા સમય પછી જોન કહે છે કે મારે મારાં સીગલ બંધુઓ આગળ પાછાં ફરવું છે. સુલીવન તેને કહે છે કે તને ન્યાતબહાર મૂકેલો. ધરતી પરનાં સીગલોને તું સ્વર્ગ વિશે કેવી રીતે સમજાવીશ ? તું અહીંજ રોકાઈ જા. ત્યારે જોન એને સમજાવે છે કે ચીઆન્ગ એના

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

પુરાના સ્થળે વહેલો ચાલી ગયો હોત તો આપણે કઈ રીતે શીખી શકત ? કહેવત છે કે જે સીગલ ઊંચે ઊડી શકે છે, તેજ દૂર દૂર સુધી જોઈ શકે છે. સુલીવન હવે તારા શિષ્યો ઝડપથી શીખી રહ્યા છે, મારે પાછા ફરવું જોઈએ. સુલીવન નારાજગીપૂર્વક જણાવે છે. હું તને **miss** કરીશ. જોનાથન કહે છે, આપણે જેનો રોજિંદો અભ્યાસ કરીએ છીએ તેને ભૂલી કેમ શકાય ? સમય અને સ્થળની મર્યાદા મિત્રતામાં નથી હોતી. આપણે તો સ્થળની મર્યાદા ઓળંગી સમયથી પર થયાં છીએ, ત્યારે આપણે આ **here & now** અહીં અને તત્ક્ષણની મધ્યમાં મળતાં જ રહેવાનાં. સુલીવન કહે છે કે ધરતી પરનાં સીગલોને ઉડ્ડયનનું શિક્ષણ કેવળ જોનાથન જ આપી શકે. બંને પરસ્પર **Good bye** કહીને છૂટાં પડે છે.

એકલું અટૂલું નાનકડું ફ્લેચર નામનું પંખી, અંદરથી નારાજ છે. અશાંત અને ક્રોધિત છે, મને ન્યાતબહાર કર્યું છે. ઊંચે ઊડતાં શીખીને તેઓને બતાવી આપીશ.તેઓ બધાં અણસમજુ છે. એને એક માયાળુ અવાજ સંભળાય છે, તારે ઊડતાં શીખવું છે ? જોનાથન અદૃષ્ય રીતે પૂછે છે, જેઓએ તને અન્યાય કર્યો છે તે ભૂલીને તેઓ ઉપર દયા રાખી પ્રેમ કરતાં શીખવાની તારી તૈયારી છે ? તે તરત જ હા પાડે છે અને જોન તેને ઉડ્ડયનનું શિક્ષણ આપવાનું શરૂ કરે છે.

## ભાગ – ૩

ફ્લેચરનું ઉડ્ડયન શિક્ષણ શરૂ થાય છે. કેટલીકવેળા કોશિશ કરવા છતાંય તે જલ્દી શીખી નથી શકતો, ત્યારે તે જોનાથનને સમય બગાડવા ના પાડે છે. જોનાથન તેને જણાવે છે કે, “ઉડ્ડયનમાં તારે દૃઢ છતાં સરળ **(Smooth)** બનવાનું છે, પ્રયત્નો દૃઢતાપૂર્વકના હોવા જોઈએ પણ હૃદય સરળતાથી ભરપૂર.” કંઈપણ નવું શીખવા માટે પ્રયત્નો નિયમિત, દૃઢતાભર્યા હોવા જોઈએ, તેની સાથે જે કંઈ નવું હોય તેને સ્વીકારવાની તત્પરતા, ઉમંગ પણ હોવાં જરૂરી છે. માત્ર અગાઉનું જૂનું પુરાણું શિક્ષણ કે મુદ્દા જ વારેવારે લક્ષમાં લાવી તેની સાથે નવાં જ્ઞાનની સરખામણી કરતાં રહીએ તો કંઈ જ શીખી નહિ શકાય. બીજ જમીનમાં રોપી દીધા પછી તે ઉગ્યું કે નહિ તેટલા માટે આસપાસની માટી ઉલેચીને જોયા કર્યે તો કૂંપળ ક્યારેય ઉપર આવેજ નહિ. કોઈપણ શિક્ષણ ભીતરમાં પ્રથમ ધારણ થાય છે, ત્યાર પછી જ સપાટી ઉપર તેનું પરિણામ જોઈ શકાય છે. જેટલાં અંદરથી સરળ અને ખાલી તેટલું જલ્દી નવું શીખી શકાશે.

ત્રણ મહિનાનાં અંતે બીજાં છ સીગલો આવી જોડાયાં. ઉડ્ડયનનાં પ્રયોગો તેમને માટે સરળ હતાં, પણ તેની પાછળનું તાત્પર્ય તેઓની સમજણ બહારનું હતું. જોનાથન તે અંગે રોજ રાત્રે તેઓને શિક્ષણ આપતો, “સાચા અર્થમાં આપણે પ્રત્યેક અસીમ મુક્તિનાં પ્રતીકસમાં વડા સીગલની અનુકૃતિઓ જ માત્ર છીએ. ઉડ્ડયન શીખવું એટલે આપણી અંદરની સાચી પ્રકૃતિની દિશામાં એક ડગ માંડવું. જે કંઈ આપણને હદથી બાંધતું હોય તે બધું છોડવાનું છે. તમારૂં આખુંય શરીર આ છેડેથી પેલે છેડે સુધી તમે પોતે વિચારી લીધેલો માત્ર આકાર છે. તમારા વિચારોની કડી તોડી નાંખો અને તમે તમારા શરીરને વિખેરી નાંખશો.” ફ્લેચર સીગલ પણ આ સાંભળતાં સીગલો ઉંઘી જતાં. તેઓને ઊડવા ગમતું છતાં આ વાતોને તેઓ સમજી નહિ શકતાં. નવા નવા સાધકની પણ આજ મુશ્કેલી છે, અજ્ઞાતની દિશા તરફ મુસાફરી કરવા માટે બાહ્ય પ્રયત્નો તો ચાલુ કરે છે, છતાં મુસાફરીનાં તાત્પર્ય અંતિમ ધ્યેયને પામી કે જાણી નથી શકતો. તેથી બાહ્ય પ્રયત્નોની સાથે અંદરથી

*(અનુસંધાન પાન-૧૦ ઉપર)*

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**

# અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ...



સનાતન લોજ, સુરતના વર્તમાન ઉપ-પ્રમુખશ્રી નરસિંહભાઈ ઠાકરિયા સતત ચોથીવાર ઈન્ડિયન સેક્સન દ્વારા નેશનલ લેક્ચરર (રાષ્ટ્રીય વ્યાખ્યાતા) તરીકે વર્ષ ૨૦૨૨ માટે નિમાયા છે. ગુજ. થિયો. ફેડ.ના પ્રમુખ, મંત્રી, ખજાનચી ફેડ.ના તમામ સભ્યો તથા કાઉન્સિલ અને કારોબારી સભ્યો તેમને અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.


'થિયોસોફિક જ્યોતિ' શ્રી નરસિંહભાઈ ઠાકરિયા માટે ગર્વ અનુભવે છે. શ્રી ઠાકરિયા સનાતન લોજના સભ્ય બન્યા. તેમને ૨૫મી માર્ચ, ૨૦૦૬ના રોજ ડિપ્લોમા પ્રાપ્ત થયો. ૨૦૦૭માં એક વર્કર્સ ટ્રેઈનિંગ કેમ્પ યોજાયેલો. તે કેમ્પનાં ડાયરેક્ટરશ્રી એચ. સી. શીંદે સાથે શ્રી મુથ્થુસ્વામી પણ હતાં. તેમાં તેમણે સક્રિય ભાગ લીધો. ઉચ્ચકક્ષાનાં થિયોસોફિસ્ટો સાથે પરિચય થયો. થિયોસોફિકલ સોસાયટીનાં લોજ કાર્ય, પ્રણાલી અને અભ્યાસથી સુપરિચિત થયાં. ભોવાલી, અડ્યાર અને વારાણસી મુકામે યોજાયેલાં સ્ટડી કેમ્પોમાં હાજરી આપી અને પોતાને ખૂબ જ સજ્જ કર્યા. અભ્યાસ માટેની ધગશ, અન્ય સભ્યો સાથે પ્રેમભર્યો વ્યવહાર શ્રી ઠાકરિયાજીની ઓળખ બનતી ગઈ.

જૂનાગઢ મુકામે ૨૦૨૦ના માર્ચમાં ગુજ. થિયો. ફેડ. દ્વારા આયોજીત સ્ટડી કેમ્પની જવાબદારી ખૂબ જ સુપેરે નિભાવી. તે કેમ્પમાં ૧૦૧ સભ્યોએ ભાગ લીધેલો. 'નેશનલ લેક્ચરર' તરીકે ઈન્ડિયન સેક્શનનાં અન્ય ફેડ.નોનાં આમંત્રણ સ્વીકારીને વિવિધ વિષયો ઉપર પોતાનાં પ્રવચનોથી ઘણાં સભ્યોને લાભાન્વિત કર્યા. તેની નોંધ લઈને 'ઈન્ડિયન સેક્શન' દ્વારા સતત ચોથી વખત તેમને આ જવાબદારી ફરીથી સોંપાઈ છે.

વારાણસી મુકામે યોજાયેલ સ્ટડી કેમ્પ જેમાં 'સિક્રેટ ડોક્ટ્રીન' વિષયને લઈને શ્રી તાંબી સાહેબે જે જે બાબતોને આવરી લીધેલી તેને શ્રી નરસિંહભાઈએ પોતાના જીવનની તથા અભ્યાસની વિશેષ ઉપલબ્ધિ ગણાવે છે.

રોહિત લોજ, અમદાવાદ, રેવા લોજ, વડોદરા તથા જ્યોતિ લોજ, મુંબઈના ઉપક્રમે દર મંગળવારે યોજાતાં ત્રિવેણી કાર્યક્રમમાં ભાગ લેવા અંગે વિશેષ ગૌરવની લાગણી તથા જવાબદારી અનુભવનાર શ્રી નરસિંહભાઈ પોતાની ચોથી વખત નિમણૂંક થવાના પ્રસંગે વિશેષ આનંદની અનુભૂતિ કરે છે. સૌની શુભ લાગણી તથા શુભેચ્છાઓ બદલ હૃદયપૂર્વકનો આભાર માને છે.

---



શ્રી જી. યુ. પાટીલ

## શ્રદ્ધાંજલિ

સનાતન લોજ, સુરતના વરિષ્ઠ અને માનવંતા સભ્ય શ્રી જી.યુ. પાટીલ સાહેબનું તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગત સનાતન લોજના T.S. અને T.O.S.ના લાઈફ મેમ્બર હતાં. તેમનો ડિપ્લોમા નં. ૯૦૪૩૪ છે. તેમણે ગુજ. ફેડ.ના અધિવેશન તથા શિબિરો તેમજ અડ્યાર કન્વેન્શનમાં સક્રિય ભાગ લીધેલો. તેમનો મિલનસાર અને માયાળુ સ્વભાવ સૌ સભ્યોને ચિરસ્મરણીય રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા તથા ગુરુદેવો દિવંગતનાં આત્માને શાંતિ અર્પે તથા તેમના કુટુંબીજનોને આ આઘાત જીરવવાની શક્તિ અર્પે તેવી સૌ સભ્યો અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીને શ્રદ્ધાસુમન અર્પે છે.

# શાખા સમાચાર

- **રોહિત લોજ, અમદાવાદ :- (દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ) :**
  ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન ૪થીએ "આત્માનું નિર્માણ – એક અલૌકિક પ્રક્રિયા" વિષે સુશ્રી વર્ષા પટેલ, ૧૧મીએ "મન અને માંદગીનો સંબંધ" વિષે ડૉ. કિરણ સીંગલોત, ૧૮મીએ "ચૈતન્યમાં ડોકિયું" વિષે શ્રી રમેશભાઈ ડોલિયા અને ૨૫મીએ "વસ્તુઓની ગૂઢબાજુ" વિષે શ્રી ધવલ શેઠે પ્રવચનો કર્યા.
- **અમદાવાદ લોજ, અમદાવાદ :- (દર બુધવારે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન યોજાતી સભાઓ) :**
  નવા વર્ષના આરંભના જાન્યુઆરીના પ્રથમ બુધવારે તા. પાંચમીના રોજ લોજ પ્રમુખ શ્રી રમેશભાઈ ડોલિયાએ "ચૈતન્યમાં ડોકિયું" વિષે પ્રવચન કર્યું, ત્યારબાદ લોજની સભાઓ જાન્યુઆરી દરમિયાન મોકૂફ રાખવાનું ઠરાવેલ છે.
- **રેવા લોજ, વડોદરા :- (દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦) :**
  ડિસેમ્બર દરમિયાન પાંચમીએ થિયોસોફી અંગે ચર્ચા શ્રી ગુલામભાઈ મલેક દ્વારા રજૂ થઈ, ૧૨મીએ "વૈશ્વાનર વિદ્યા" વિષે શ્રી નીખિલભાઈ દેસાઈએ પ્રવચન કર્યું, ૧૯મીએ "શું સલામતી જેવી કોઈ ચીજ છે ખરી ?" વિષે શ્રી હર્ષદભાઈ દવેએ પ્રવચન કર્યું. ૨૬મીએ સર્વ સભ્યો દ્વારા ભારત સમાજપૂજા તથા શાતાવાહક વિધિ કરવામાં આવી. લોજનાં કાર્યક્રમોમાં ઓનલાઈન જોડાવાની તક સભ્યોને મળી રહી છે.
- **ભાવનગર લોજ, ભાવનગર :** લોજ પ્રમુખ શ્રી મનજીભાઈ પટેલનાં જણાવ્યા અનુસાર તા. ૨૫ ડિસેમ્બરને શનિવારનાં રોજ સાંજે ૬ થી ૭ દરમિયાન લોજના સભાખંડમાં એક મીટીંગ યોજાઈ તે વખતે શુભેચ્છક વક્તાઓ શ્રી મનસુખભાઈ રાજગુરુ, શ્રી મનજીભાઈ પટેલ તથા શ્રી હરેશભાઈ જોષીએ પોતાનાં પ્રવચનો કર્યા. જાન્યુઆરી ૨૦૨૨ની ૧લી તારીખે થિયોસોફીની સમજ અંગે શ્રી મનજીભાઈ પટેલ તથા શ્રી હરેશભાઈ જોશીએ પ્રવચનો કર્યા.
- **ત્રિવેણી કાર્યક્રમ :- (દર મંગળવારે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમિયાન રેવા લોજ, રોહિત લોજ તથા જ્યોતિ લોજ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે યોજાતો કાર્યક્રમ) :**
  ડિસેમ્બર દરમિયાન ૭મીએ શ્રી નંદકિશોર એન. રાઉતે ટી સુબ્બારોનાં જીવન અને કાર્ય વિષે મુખ્ય પ્રવચન આપ્યું જેનો હિન્દીમાં અનુવાદ શ્રીમતિ અર્ચના મુન્શી તથા ગુજરાતીમાં અનુવાદ શ્રીમતિ રાજેશ્વરી દવેએ સુંદર રીતે રજૂ કર્યો. ૧૪મીએ "तन और मन पर ध्वनि का प्रभाव" વિષે સુશ્રી અર્ચના પાંડેએ હિંદીમાં મુખ્ય પ્રવચન આપ્યું. જેનો અંગ્રેજીમાં અનુવાદ પ્રદિપ એમ. એસ.એ કર્યો અને ગુજરાતીમાં સુશ્રી વર્ષા પટેલે કર્યો. ૨૧મીએ "ક્રિસમસ એ સ્પિરીચ્યુઅલ અવેકનીંગ" વિષે અડ્યારથી કેટેલીના અગ્નિહોત્રીએ અંગ્રેજીમાં મુખ્ય રજૂઆત કરી. "क्रिसमस – एक आद्यात्मिक जागृति" શિર્ષકથી હિંદીમાં શ્રી શિખર અગ્નિહોત્રીએ રજૂઆત કરી. ગુજરાતીમાં સુશ્રી વર્ષા પટેલે તે વિષયનું ભાષાંતર રજૂ કર્યું.
- **મુંબઈ ફેડરેશન**ના ઉપક્રમે દર ગુરૂવારે સાંજના ૬ થી ૭ દરમિયાન ડૉ. અજયભાઈ હોરાના અધ્યક્ષસ્થાને આયોજિત થતી ઝૂમ મીટીંગ અંતર્ગત "ગુરુદેવ ગોષ્ઠી"માં મુંબઈ ફેડ. પ્રમુખ શ્રી વિનાયકભાઈ પંડ્યા પુસ્તકનું વાંચન કરે છે. મુંબઈ તથા ગુજરાતનાં સભ્યો તે વાંચનનો લાભ લે છે તથા અગત્યના મુદ્દાઓ પર ચર્ચામાં ભાગ લઈને વિષયાભિમુખ થઈને કાર્યક્રમને સફળ બનાવે છે.

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.


**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **February–2022**

To :

**If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH**
**9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.**

## આપણો પુસ્તક પ્રેમ...

## "ગીતાંજલી"





રચનાકાર : રવીન્દ્રનાથ ટાગોર

ગરવી ગુજરાતી ભાવાનુવાદક – અનુવાદક : શ્રી પ્રો. હરિવદન છીંકણીવાળા

સુધીર પ્રકાશન દ્વારા 'ગીતાંજલી'નો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રકાશિત થયો છે. પ્રો. હરિવદનભાઈ અમદાવાદ લોજના સભ્ય, થિયોસોફિક સાહિત્યના અભ્યાસુ પ્રગાઢ વક્તા, દ્રોણાચાર્ય પુરસ્કાર વિજેતા તથા 'શ્રેષ્ઠ શિક્ષક – એકલવ્ય પુરસ્કાર (AMA) પ્રાપ્ત કરેલ છે. પ્રો. હરિવદનભાઈના અધિવેશનો અને શિબિરોનાં વ્યાખ્યાનોથી ફેડ.ના સભ્યો સુપરિચિત છે. પોતે અંગ્રેજીના વ્યાખ્યાતા (G.L.S.) તથા ગુજ. યુનિ. ભાષા ભવનનાં વીઝીટીંગ ફેકલ્ટી હતા. નિવૃત્તિ બાદ પૂજ્ય શ્રી મોટા શ્રી રંગ અવધૂત, શ્રી આનંદમયી, શ્રી વિમલા તાઈ સંપૂજ્ય શ્રી દાદા ભગવાન, જે. કૃષ્ણમૂર્તિ, શ્રી રોહિત મહેતા વગેરેનાં ૨૦ જેટલા પુસ્તકોનો અનુવાદ કર્યો છે. પ્રો. છીંકણીવાળાને ભાડજ સુપરસીટીનાં ગ્લોરી પરિવાર તરફથી વરિષ્ઠ નાગરિક સન્માન – ૨૦૨૧ થી નવાજવામાં આવ્યાં છે.

(મો. : ૯૭૨૭૭૬૧૩૮૦)



પ્રો. હરિવદન છીંકણીવાળા

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH